: રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, સબ-રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરાના મોજે નિઝામપુરા, તા.જી.વડોદરામાં આવેલ "Fortune Global" નામની યોજનામાં .... ફ્લોર પર આવેલ દુકાન / ઓફીસ / યુનિટ નં.........., વાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ રૂા....................../- અંકે રૂપિયા ....પુરાનો :

આજરોજ સંવત ૨૦૭૪ ના ફાગણ વદ ને વાર, તારીખ : .૨૦૧૮ ના રોજ

આ વેચાણ દસ્તાવેજ લખાવી લેનાર / વેચાણ રાખનાર / એકતરફવાળા:

શ્રી ...., ઉ.વ.આ........, ધંધો -............., રહેવાસી, ...

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં **"તમો"** અને /અથવા વેચાણ દસ્તાવેજ **"લખાવી લેનાર/ વેચાણ રાખનાર/એકતરફવાળા"** એ રીતે સંબોધવામાં આવશે, જે શબ્દના અર્થમાં વેચાણ દસ્તાવેજ લખાવી લેનાર/વેચાણ રાખનાર/એકતરફવાળા પોતે જાતે તથા તેમના વંશ, વાલી, વારસો, એસાઇનીઓ, નોમીનીઓ, સકસેસરો, એડમીનીસ્ટ્રેટરો વિગેરે તમામનો સમાવેશ થાય છે.

જોગ આ વેચાણ દસ્તાવેજ લખી આપનાર / વેચાણ આપનાર / બીજીતરફવાળાઓ:

શ્રીજી રીયલ્ટી (SREEJI REALTY) એ નામની ભાગીદારી પેઢી વતી વહીવટકર્તા ભાગીદારો:

૧. **શ્રી રાજેન્દ્રકુમાર નારણભાઈ પટેલ**, ઉ.વ.આ. ૩૬, ધંધો : ખેતી તથા વેપાર, રહેવાસીઃ સી-૫૦૩, શુકન-૫, સમા-સાવલી રોડ, વડોદરા-૩૯૦૦૨૪ જેનો **PAN No. AOAPP8211L.**

૨. **શ્રી મિતલ નાથાલાલ પટેલ**, ઉ.વ.આ.૪૨, ધંધો ખેતી તથા વેપાર, રહેવાસીઃ ૧૭૦, સ્વામિનારાયણ નગર, વર્ધમાન બેન્કની સામે, નિઝામપુરા મેઈન રોડ, નિઝામપુરા, વડોદરા, જેનો **PAN No. AKEPP3692F.**

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં **"અમો"** અને અથવા **"લખી આપનાર, વેચાણ આપનાર, બીજીતરફવાળાઓ"** એ રીતે સંબોધવામાં આવશે, જે શબ્દના અર્થમાં વેચાણ દસ્તાવેજ લખી આપનાર, વેચાણ આપનાર પોતે જાતે જામીન આદીએ

જોગ આ વેચાણ દસ્તાવેજ અમો લખી આપનાર બીજીતરફવાળા સ્વતંત્ર રીતે તમો એકતરફવાળાને અમારી રાજીખુશીથી લખી આપીએ છીએ કે :-

અમો લખી આપનાર બીજીતરફવાળાઓની સ્વતંત્ર માલીકી, કબજા ભોગવટાની શ્રી ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, સબ-ડીસ્ટ્રીક્ટ વડોદરા-૭ (છાણી) ના મોજે ગામ નિઝામપુરા, તા.જી.વડોદરાના રેવન્યુ સર્વે નં.૧૯૭/૧ વાળી જમીન તથા સર્વે નં. ૧૯૭/૨ વાળી જમીનમાં આવેલ મુળજીનગર કોલોનીના પ્લોટ નં.૧૩ વાળી જેનો સીટી સર્વે નં. ૧૧૦૪ છે જેના પ્લોટનું ક્ષેત્રફળ ૩૮૪.૬૨ ચો.મીટર (૪૧૪૦ ચો.ફુટ) વાળી બિન-ખેતીની જમીન આવેલી છે, જેને હવે પછી અહી આ વેચાણ દસ્તાવેજમાં **"સદરહું જમીન"** તરીકે સંબોધવામાં આવશે.

સદરહુ મિલકત અમો બીજીતરફવાળાએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૫૩૩૫, તા.૧૬.૦૯.૨૦૧૭ ના રોજ માર્થાબેન રામજીભાઇ મેકવાન વિગેરે પાસેથી વેચાણ અવેજની સંપૂર્ણ રકમ ચુકવીને માલિકી દરજજે વેચાણ રાખેલ છે અને સદરહું વેચાણ દસ્તાવેજ આધારે સીટી સર્વે રેકર્ડમાં અમો બીજીતરફવાળાઓનું નામ દાખલ થયેલ છે. આમ અમો લખી આપનાર બીજીતરફવાળાઓ **"સદરહું જમીન"** ના કાયદેસરના માલિક, કબજેદાર અને ભોગવટેદાર બનેલા છે.

"સદરહું જમીન" પર બેઝમેન્ટમાં પાર્કીગ; ગ્રાઉન્ડ ફ્લોર પર પાર્કીગ તથા દુકાનો તથા ફર્સ્ટ ફ્લોર થી થર્ડ ફ્લોર પર દુકાનો / ઓફીસો તેમજ ફોર્થ ફ્લોર પર યુનિટો તથા ફીફથ ફ્લોર પર સ્ટેર કેબીન+ લીફટ રૂમ વિગેરેનું કોર્મશિયલ હેતુનું બાંધકામ કરવા માટે અમો લખી આપનાર બીજીતરફવાળાઓએ ધારા-ધોરણસર જરૂરી લે-આઉટ અને બિલ્ડીગ પ્લાન નકશા તૈયાર કરી વડોદરા મહાનગર સેવાસદનમાં જરૂરી બાંધકામની પરવાનગી મેળવવા રજુ કરતા, વડોદરા મહાનગર સેવાસદનના નાયબ નગરવિકાસ અધિકારીએ વિકાસ-પરવાનગી / **રજાચિઠ્ઠી નં.વોર્ડ-૭/કોમ.+રેસી./૨૩૧/૨૦૧૭-૨૦૧૮,** તા.૨૪.૦૧.૨૦૧૮ થી મંજુર કરી બાંધકામ કરવાની પરવાનગી આપેલ છે. જે સમહનું નામ **"Fortune Global"** [illegible]

.... **ચો.મી. કાર્પેટ તથા વરાડે પડતા વણવહેચાયેલ જમીનનું ક્ષેત્રફળ .... ચો.મી.** વાળી મિલકત (જેની વિશેષ વિગત હવે પછી અહી મિલકતના પરિશિષ્ટ નં.૨ માં દર્શાવેલ છે) તમો એકતરફવાળાએ વેચાણ રાખવા માંગણી કરતા અમો લખી આપનાર બીજીતરફવાળા તથા ત્રીજીતરફવાળાએ વેચાણ આપવા ઇચ્છા, રાજી-ખુશી દર્શાવતા તમો એકતરફવાળાને **રૂા............................/- અંકે રૂપિયા** .... **પુરા**માં વેચાણ આપેલ છે, જેને હવે પછી અહી આ વેચાણ દસ્તાવેજમાં **"સદરહું મિલકત"** તરીકે સંબોધવામાં આવેલ છે. જેના વેચાણ અવેજની રકમ **રૂા............................/- અંકે રૂપિયા ....પુરા** તમો એકતરફવાળા તરફથી અમો લખી આપનારાઓને નીચેની વિગતે મળી ગયેલ છે, જે વેચાણ અવેજ મળ્યાની અમો લખી આપનારાઓ આ સ્વીકૃતિ પહોંચ તમો એકતરફવાળાને લખી આપીએ છીએ.

: <u>વેચાણ અવેજ મળ્યાની વિગત</u> :

ઉપરોક્ત વિગતે સદરહું મિલકતના વેચાણ અવેજની સંપૂર્ણ રકમ અમો લખી આપનારાઓને તમો એકતરફવાળા તરફથી મળી જતા બદલામાં અમારી **"સદરહું મિલકત"** (જેની વિશેષ વિગત પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ) વાળી મિલકત માલીકી સાથે કાયમ માટે વેચાણ લખી આપી તમો એકતરફવાળાને તેના સ્વતંત્ર માલીક, કબજેદાર, ભોગવટેદાર બનાવેલ છે અને સદરહું મિલકતનો શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો તમો એકતરફવાળાને સોંપી આપેલ છે, જે કબજો તમોએ સંભાળી લીધેલ છે.

તમો લખાવી લેનાર એકતરફવાળાને વેચાણ આપેલ સદરહું મિલકત અમો લખી આપનારાઓની સંયુક્ત માલીકી, કબજાની મિલકત છે, જેમા અમારા સીવાય બીજા કોઇપણ ત્રાહીત વ્યકિત કે અન્ય કોઇપણનો લાગ, ભાગ, હકક, હીત, હિસ્સો, સંબધ કે દર-દાવો નથી તેમજ અમોએ અન્ય

કલીયર માર્કેટેબલ ટાઇટલ વાળી છે તેમજ સદર મિલકત અંગે કોઇપણ કોર્ટમાં કોઇપણ પ્રકારની કાનુની કાર્યવાહી ચાલતી નથી કે જપ્તીમાં નથી તેવો પાકો ભરોસો અને વિશ્વાસ લખી આપી તમો લખી લેનાર એકતરફવાળાને હંમેશ માટે વેચાણ આપી માલીકી દરજ્જે ટ્રાન્સફર કરી આપેલ છે, જે તમો લખી લેનાર/એકતરફવાળા, તમારા વંશ, વાલી, વારસો, વિગેરે યાવતચંદ્ર દિવાકરો સુખથી ભોગવજો, વસજો, વસાવજો તથા ઉપયોગ, ઉપભોગ, ભોગવટો નિકાલ, ગીરો, બક્ષીસ વેચાણ કે મન ચાહે તે રીતે ટ્રાન્સફર કરવા / કરાવવા માલીક થયા છો. જેથી સદરહું તમો એકતરફવાળાને વેચાણ આપેલ મિલકતમાં અમો લખી આપનારાઓનો કે અમારા વંશ, વાલી, વારસો, એર્ટનીઓનો કોઇપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો માલિકી રહ્યા નથી.

સદરહુ મિલકત બાબતના તમામ ટાઇટલ અમો એકતરફવાળાએ ચકાસી લીધેલ છે, અને ભવિષ્યમાં સદરહુ મિલકતના ટાઇટલ સબંધે કોઇપણ પ્રકારનો વાંધો, તકરાર કરવાના રહેશે નહિ.

તમો લખી લેનાર એકતરફવાળાને વેચાણ આપેલ સદરહું મિલકતના આજના દિન દિનાંક સુધીના તમામ પ્રકારના સરકારી, અર્ધ-સરકારી કચેરી, વડોદરા મહાનગર સેવા સદન, તલાટી કચેરી વિગેરેના તમામ કર, વેરાઓ, રેવન્યુ ટેક્ષ વિગેરે તથા અન્ય ચુકવણાઓ અમો લખી આપનારાઓએ ભરપાઇ કરી આપેલ છે. આમ છતાં ભવિષ્યમાં કોઇ કર, વેરા, ચુકવણા વિગેરે આજની તારીખ સુધીના ભરવાના, ચુકવવાના નીકળે તો અમો લખી આપનારાઓએ ભરપાઇ કરી આપવાના છે તથા આ વેચાણ દસ્તાવેજ તમો એકતરફવાળાના નામે રજીસ્ટર્ડ થયા બાદ તેવા તમામ વેરાઓ તમો એકતરફવાળાએ ભરવાના રહેશે.

<u>: વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ મિલકતનું વર્ણન/પરિશિષ્ટ :</u>

શ્રી ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, સબ-ડીસ્ટ્રીક્ટ વડોદરા-૭ (છાણી) ના મોજે ગામ નિઝામપુરા, તા.જી.વડોદરાના રેવન્યુ સર્વે નં.૧૯૭/૧ વાળી જમીન તથા સર્વે નં. ૧૯૭/૨ વાળી જમીનમાં આવેલ મુળજીનગર કોલોનીના પ્લોટ નં.૧૩ વાળી જેનો સીટી સર્વે નં. ૧૧૦૪ છે જેના પ્લોટનું ક્ષેત્રફળ ૩૮૪.૬૨ ચો.મીટર (૪૧૪૦ ચો.ફુટ) વાળી બિન-ખેતીની જમીનમાં મંજુર થયેલ નકશા મુજબ બાંધવામાં આવેલ **"Fortune Global"** નામની

ચો.મી. વાળી મિલકત આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ છે, સદરહું મિલકતની ચર્તુ:સીમા નીચે મુજબ છે.

પૂર્વે :

પશ્ચિમે :

ઉત્તરે :

દક્ષિણે :

ઉપરોકત ચર્તુ:સીમા, ખુટ વચ્ચે આવેલ સદરહુ મિલકત તેમાં આવેલ તમામ પ્રકારના જોડાણો સાથે, અસલ માપ, હદ, દીશા, હકક મુજબ તેને લગતા વળગતા જવા, આવવાના ચાલ નીકાલના હવા, અજવાળા, ઇજમેન્ટ તથા તમામ વ્યવસ્થા, હકક, હીત સબંધ સાથે તથા ભવિષ્યમાં રિધ્ધિ-સિધ્ધિ સાથે, અષ્ટમ સિધધ નવ-નિધિ જે પ્રગટ થાય તે સાથે યાવતચંદ્ર દિવાકરો તમો એક તરફવાળાને વેચાણ આપેલ છે.

સદર એપાર્ટમેન્ટનો કબજો સોંપ્યા બાદ પાંચ વર્ષના સમયગાળાની અંદર એલોટ એપાર્ટમેન્ટમી અંદર અથવા તો બિલ્ડીગ જયાં એપાર્ટમેન્ટ સ્થિત છે તેમાં, કોઇપણ પ્રકારની માળખાકીય ક્ષતિ અથવા કારીગરી, ગુણવતા કે સેવાની જોગવાઇને કારણે ઉદ્ભવેલ ક્ષતિ પ્રમોટરના ધ્યાને લાવે, તેવા સંજોગોમાં, શકય હોઇ ત્યાં પ્રમોટર પોતાને ખર્ચે આવી ક્ષતિ સુધારી આપશે અને જો તે રીતે ક્ષતિપૂર્તિ શકય ન હોય તો એલોટી પ્રમોટર પાસેથી કાયદામાં સૂચવે પદ્ધતિએ વળતર મેળવી શકે છે. જોકે પ્રમોટર ના નિયંત્રણ બહારની હોય તો કોઇપણ પ્રકારની માળખાકીય ક્ષતિ અથવા કારીગરી, ગુણવત્તા કે સેવાની જોગવાઇની ક્ષતિ પૂતિ માટે પ્રમોટરે જવાબદાર રહેશે નહી.

વિવાદનું નિરાકરણ કોઈપણ વિવાદનો નિકાલ સમાધાનથી લાવવાનો રહેશે. જો સમાધાનથી ઉકેલ ન આવે તેમ હોય તો, રીઅલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એક્ટ, ૨૦૧૬ ના નિયમો અને શરતોની જોગવાઇઓને આધીન રેરા સત્તા સમક્ષ પ્રસ્તુત કરવામાં આવશે.

<u>સંચાલક કાયદો :</u>

આ એપાર્ટમેન્ટના યુનિટ ધારકો જો કોઇ એસોસીએશન કે મંડળની રચના કરે તો તેમાં તમારે ફરજીયાત સભ્ય થવાનું છે. અને તેના નિયમોનું પાલન કરવાનું રહેશે તથા એસોસીએશનના નિયમોનો પણ તમારે અમલ કરવાનો છે. ઉપરાંત દરેક સભાસદ સાથે સહકારની ભાવનાથી રહેવાનું છે. આ એપાર્ટમેન્ટમાં મુકેલ પાણી ઉપર ચઢાવવાની ઇલેકટ્રીક મોટર, લીફટથી થતાં વપરાશનું બીલ તથા વીજળી ઉપકરણોના મેઇન્ટેનન્સ તથા બીલ્ડીગના કોમન પેસેજની સાફ-સુફી વિગેરેનો કોમન જે ખર્ચ તથા જે કાંઇ મેઇન્ટેનન્સ ખર્ચ તેમજ સભાસદ તરીકેની ફી તેમજ એસોસીએશન નક્કી કરે તે લાગતો તમામ સભાસદોએ સહીયારો કરવાનો છે અથવા સૌ ભેગા મળીને બનાવેલ એસોસીએશન જે નક્કી કરે તે રીતે કરવાનો છે.

આ મિલકતની બોરીગ, લીફટ વિગેરે સુવિધાઓ સહીયારી રહેશે તથા આ મિલકતમાં ઉપર જે પાણીની ટાંકી બનાવવામાં આવે તે પણ ઉપર નીચેવાળા બધાની સહીયારી રહેશે અને તેનો તમામ પ્રકારનો મેઇન્ટેનન્સનો ખર્ચ બધાને વરાડે પડતો પોત- પોતાના હીસ્સે આવતો ભોગવવાનો છે.

સદર મિલકતનો જે નકશો મંજુર કરેલો છે તેના એલીવેશનમાં કોઇપણ સુધારો વધારો કે ફેરફાર ડેવલોપર્સ કરી શકશે, તથા સદરહું બીલ્ડીગના સ્ટ્રકચર સેફટીને અસર કરે તેવી રીતે પણ કોઈ ફેરફાર સ્ટ્રકચર એન્જીનીયરની લેખીત પરવાનગી સિવાય કરવો નહી. અમો વેચાણ આપનાર જે તે પ્રમાણે વેચાણ કરીએ તે રીતે તેનો વાપર, ઉપયોગ કરવાનો છે. તેમાં બીજા કોઇ સભ્યોએ વાંધો લેવાનો નથી કે તકરાર કરવાની નથી.

સદર બીલ્ડીગ ભવિષ્યમાં કુદરતી આફતથી પડી જાય તેવા સંજોગોમાં દરેક સભાસદે ભેગા મળી સહીયારા ખર્ચે સદરહું બીલ્ડીગનુ ફરીથી બાંધકામ કરી શકશે. તમોને જે મિલકત વેચાણ આપી છે તેટલી મિલકતના માપ સીવાય બાકીની મિલકતમાં તમારો કોઇ હક્ક, હિસ્સો નથી એટલે ચાર દિવાલો વચ્ચેની મિલકતની માલિકી તમારી રહેશે.

તમોએ વેચાણ આપેલી મિલકતની આજુબાજુના પેસેજ, દાદર અને પાર્કીગ વિગેરેમાં ગંદકી થાય કે કોઇને અડચણરૂપ થાય તેવુ કોઇ કૃત્ય કરવાનું નથી. તમોને વેચાણ આપેલ મિલકતમાં સરકારી

તમોને વેચાણ આપેલી મિલકતના દાદર, પેસેજ, પાર્કીંગ તથા રસ્તા બીલ્ડીંગના મેઇન્ટેનન્સ અંગે જે કોઇ ખર્ચ થાય તે બધાંયે સહીયારો આપવાનો રહેશે. સદર બિલ્ડીંગમાં સિકયુરીટી અંગે કોઇ સિકયુરીટી ગાર્ડ રાખવામાં આવે તેનો પગાર વિગેરેનો ખર્ચ બધાંએ વરાડે પડતો આપવાનો છે તે પ્રમાણે તમારે પણ વરાડે પડતો આપવાનો રહેશે.

સદર બીલ્ડીંગમાં મંજુર કરેલ નકશામાં દર્શાવ્યા મુજબ જે પાર્કીંગની ખુલ્લી જગ્યા આવેલી છે તેમાં તમો એકતરફવાળાને બીલ્ડીંગના બીજા અન્ય મિલકતના માલીકો સાથે સહીયારી રીતે વાહનનું પાર્કીંગ કરવાનો હકક છે તેમજ સદર પાર્કીંગની જગ્યામાં માલીકો સાથે ભેગા મળીને કોઇપણ પ્રકારનું કાચુ કે પાકુ બાંધકામ કરી શકશો નહી કે ગંદકી કરી શકશો નહી તેમજ કોઇને અડચણ થાય તેવી રીતે વાહનનું પાર્કીંગ કરવાનું નથી તેમજ પાર્કીંગ પ્લેસનો જે કાંઈપણ સાફસુફીનો ખર્ચ થાય તેમજ તેના મેન્ટેનન્સનો જે કાંઇ ખર્ચ થાય તથા જે કાંઇપણ ઇલેકટ્રીક બીલ આવે તેમાં તમો લખી લેનારે સદર બિલ્ડીંગના મંડળ કે એસોશીએશનમાં નકકી કરેલા નિતિ-નિયમો પ્રમાણે તમો લખી લેનારના હીસ્સે આવતી રકમ આપવાની રહેશે.

આ મિલકતનું નામ **“Fortune Global”** રાખેલ છે તે કાયમ રાખવાનું છે તેમાં કોઇ ફેરબદલ કરવાનો નથી. સદરહું મિલકતના વડોદરા મહાનગર સેવાસદનના જે કાંઇપણ ટેક્ષ, વેરોઓ ભરવાના આવશે તે તમો વેચાણ રાખનાર એકતરફવાળાએ ભરવાની છે અને તેમાં અમો લખી આપનારની કોઇપણ જવાબદારી રહેતી નથી.

સદરહું મિલકત આ વેચાણ દસ્તાવેજ આધારે તમો એકતરફવાળા તમારા નામ જોગ સરકારી, અર્ધ-સરકારી કચેરી, વડોદરા મહાનગર સેવા સદન, એમ.જી.વી.સી.એલ. કચેરી, સીટી સર્વે કચેરી વિગેરેમાં તમારા નામ જોગ ટ્રાન્સફર કરાવી લેશો તે અમોને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે. આ કામે જયાં જયાં સહી, કબુલાતની જરૂર હોય તે અમોએ રૂબરૂ જાતે હાજર રહી કરી આપવાની છે, તેની અમો લખી આપનારાઓ ખાત્રી, ભરોસો, વિશ્વાસ લખી આપીએ છીએ અને તે માટે જે કાંઇ ખર્ચ આવે તે તમો એકતરફવાળા ભોગવવાનાં રહેશે.

સદર યોજનાનું The Real Estate (Regulation and Development) Act, 2016 મુજબ નિયમનકારી સત્તા મંડળ સમક્ષ નોંધણી કરાવેલ છે. જેનો રજીસ્ટ્રેશન નં.. તા...................... ના રોજ આપવામાં આવેલ છે. જેની નકલ આ સાથે એનેક્ષર-એ માં જોડવામાં આવેલ છે.

ઉપરોક્ત પરીશિષ્ટ વાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ અમો લખી આપનારાઓએ - તમો લખી લેનાર એકતરફવાળા પાસેથી ઉપર મુજબનો વેચાણ અવેજ સ્વીકારીને, અમારી રાજીખુશીથી, સ્વેચ્છાએ વાંચી, વંચાવી, સમજી, વિચારી, વાકેફ થઇને અકકલ હોંશીયારીથી બિનકેફ હાલતમાં, કોઇના કોઇપણ જાતના દાબ દબાણ કે ધાક ધમકી વગર સાક્ષીઓની રૂબરૂમાં લખી આપેલો છે, જે અમોને તથા અમારા વંશ, વાલી, વારસો સર્વેને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

અત્રે .... મતુ   અત્રે .... શાખ

<u>વેચાણ આપનાર/ લખી આપનાર/ બીજીતરફવાળાઓ :</u>
શ્રીજી રીયલ્ટી (SREEJI REALTY)
એ નામની ભાગીદારી પેઢી વતી
વહીવટકર્તા ભાગીદારો -

૧. ....

૧. ....
(શ્રી રાજેન્દ્રકુમાર નારણભાઈ પટેલ)

૨. ....

૨. ....
(શ્રી મિતલ નાથાલાલ પટેલ)

<u>વેચાણ રાખનાર/લખાવી લેનાર/એકતરફવાળા:</u>

: વેચાણ આપેલ મિલકતનો ફોટોગ્રાફ્સ :

વેચાણ આપેલ મિલકતનું પોષ્ટલ સરનામુ :	દુકાન / ફ્લેટ નં..........., ... ફલોર, **"Fortune Global"**, ઘેલાણી પેટ્રોલ પંપની સામે, નિઝામપુરા મેઈન રોડ, વડોદરા, ગુજરાત.	વેચાણ આપનાર તથા વેચાણ લેનાર ની સહી
વેચાણ આપનાર - બીજી તરફવાળાઓ નું નામ :	શ્રીજી રીયલ્ટી (SREEJI REALTY) એ નામની ભાગીદારી પેઢી વતી વહીવટકર્તા ભાગીદારો: ૧. શ્રી રાજેન્દ્રકુમાર નારણભાઈ પટેલ ૨. શ્રી મિતલ નાથાલાલ પટેલ	
વેચાણલેનાર/એકતરફવાળા નુ નામ :		

રજીસ્ટ્રેશન એકટ ૧૯૦૮ ની કલમ ૩૨(એ) મુજબનું શીડયુલ

નામ તથા સહી | ફોટો | ડાબા હાથના અંગુંઠાનું નિશાન

વેચાણ આપનાર/ લખી આપનાર/ બીજીતરફવાળાઓ :
શ્રીજી રીયલ્ટી (SREEJI REALTY)
એ નામની ભાગીદારી પેઢી વતી
વહીવટકર્તા ભાગીદારો -
૧. શ્રી રાજેન્દ્રકુમાર નારણભાઈ પટેલ
૨. શ્રી મિતલ નાથાલાલ પટેલ

૧. ....
(શ્રી રાજેન્દ્રકુમાર નારણભાઈ પટેલ)

૨. ....
(શ્રી મિતલ નાથાલાલ પટેલ)

વેચાણ રાખનાર/લખાવી લેનાર/એકતરફવાળા:

....